**જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત**
બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઇન્સ સુરત- ૩૯૫૦૦૧
:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨
:- suratdeo@gm...... web :-www.suratdeo.or

જા.નં./મા-૨/૨૦૨૪/ ૪૪૭૪૮ તા.૦૮/૧૦/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત. જિ.સુરત

**વિષયઃ-** અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની વર્ષ:૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ પોસ્ટ મેટ્રીકની શિષ્યવૃત્તિના ફોર્મ ભરવા બાબત.
**સંદર્ભઃ-**નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાનની કચેરી સુરતનો તા.૧૦/૧૦/૨૦૨૪ પત્ર અન્વયે.

આ સાથે સામેલ નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,કચેરી સુરતના પત્ર ક્રમાંકઃ ના.નિ.અજાક/પો.મે.રી.ઓ./૨૦૨૪/૨૭૪૫ થી ૨૭૫૬ તા.૧૦/૧૦/૨૦૨૪ અન્વયે રાજય સરકાર/ભારત સરકારશ્રીની જુદી જુદી પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાની કામગીરી માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન કરવામાં આવેલ છે. બાકી રહેલ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની દરખાસ્ત સમયમર્યાદામાં કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણઃ- ઉકત પરિપત્રની નકલ

# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

'સી' બ્લોક, છઠ્ઠોમાળ, બહુમાળીમકાન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧
☎૦૨૬૧-૨૪૬૪૪૩૦ ઇ-મેઇલ :: swo-sur@gujarat.gov.in

જા.નં.ના.નિ.અજાક/પો.મે.રી.ઓ/૨૦૨૪/૨૭૪૫૮ થી ૨૭૫૯ તા. ૧૦/૧૦/૨૦૨૪

પ્રતિ,

૧) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત
૨) રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી, સુરત
૩) રજીસ્ટ્રારશ્રી, ઉકા તરસાડીયા યુનિવર્સીટી, સુરત
૪) રજીસ્ટ્રારશ્રી, પી.પી.સવાણી યુનિવર્સીટી, સુરત
૫) રજીસ્ટ્રારશ્રી, ઓરો યુનિવર્સીટી, સુરત
૬) આચાર્યશ્રી, આઈ. ટી. આઈ., સુરત
૭) રજીસ્ટ્રારશ્રી, વનિતા વિશ્રામ યુનિવર્સીટી, સુરત
૮) રજીસ્ટ્રારશ્રી, ભગવાન મહાવીર યુનિવર્સીટી, સુરત
૯) રજીસ્ટ્રારશ્રી, સાર્વજનિક યુનિવર્સીટી, સુરત
૧૦) રજીસ્ટ્રારશ્રી, વિદ્યાદિપ યુનિવર્સીટી, સુરત
૧૧) આચાર્યશ્રી , **આઈ.ટી.આઈ. સુરત**

**વિષય:- અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની વર્ષ :૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ પોસ્ટ મેટ્રીકની શિષ્યવૃત્તિના ફોર્મ ભરવા માટે ડીજીટલ ગુજરાત પોર્ટલ રી- ઓપન કરવા બાબત.**

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી જુદી
પોસ્ટમેટ્રિક શિષ્યવૃતિ યોજનાની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે.
શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩ -૨૪જુદી - જુદી પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ
અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃતિ/સહાય યોજનાઓમાં ઓનલાઇન ફોર્મ ભરવાનું ચુકી
ગયેલ હોય તેમજ ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું ચુકી ગયેલ હોય તેમજ જે ઓનલાઇન ફોર્મ ક્વેરી માટે પરત
મોકલવામાં આવેલ હોય તે ફોર્મ વિદ્યાર્થીઓથી શરતચુક્થી ક્લોઝ કરી દિધેલ હોય .તદુપરાંત વર્ષ ૨૦૨૨-૨૩ અને
૨૦૨૩૨૪ની મેડીકલ તથા પેરા મેડીકલ અભ્યાસક્રમોમાં એડમીશન પ્રક્રિયા પણ મોડી પુર્ણ થયેલ હોય આ
અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને પણ આવરી લેવા જરૂરી બને છે

આમ, <u>વર્ષ: ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ અંતર્ગત જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવુતિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવુતિથી વંચિત ન રહી જાય તે માટે શૈક્ષણિક વર્ષ: ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ છેલ્લીવાર તા: ૧૦-૧૦-૨૦૨૪ થી ૧૯-૧૦-૨૦૨૪ સુધી (દસ દિવસ) રીઓપેન કરવામાં આવેલ છે.</u>

વધુમાં જણાવવાનુ કે, હવે પછી કોઇ વિદ્યાર્થી વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ મા શિષ્યવૃત્તિ ના ફોર્મ ભરવાના બાકી રહી જશે તો તેની તમામ જવાબદારી જે-તે શાળા-કોલેજના આચાર્યશ્રી અને શિષ્યવૃત્તી નુ કામ કરતા કર્મચારીશ્રીની રહેશે જેની નોંધ લેવા વિનંતી.

5939

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત.

નકલ સવિનય રવાના:
૨) મે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારૂ.